જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૧૧/૨૦૧૭ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૨૨૧૫/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૮૮ કેસ કરી, ૮૦ વ્યક્તિઓને ઝડપી, ૧૮૯ લીટર દેશી દારૂ, ૩૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ સ્કૂટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૩૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૧૬/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ૧૨૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૨૧૭/૧૭**

**સેટેલાઇટઃ** આશીષભાઇ સુબોધભાઇ શાહ (રહે. પેલેશીયલ બંગ્લોજ વ્રજવીહાર ફલેટ વિભાગ-૨ સામે સ્ટાર બઝારની સામે સેટેલાઇટ) એ તા.૦૧/૧૧/૧૭ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૦/૧૭ કલાક ૦૦/૦૦ થી તા.૧/૧૧/૧૭ કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની બારીની ગ્રીલ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાનો જડતવાળો બુટીઓ તથા બ્રેસલેટ અને પેન્ટલ સાથેનો સેટ, કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/-, સોનાની કાનની હીરાજડીત બુટીઓ નંગ-૨ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/-, સોનાની હિરાજડીત પેન્ડલવાળી ઈટાલઈયન બોક્ષ ચેઈન કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/-, સોનાનુ હીરાજડીત હાથમાં પહેરવાનુ બ્રેસલેટકિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/-, સોનાની સોકીટેડ હીરાજડીત વીંટીઓ નંગ-૨ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/-, સોનામાં ગંડેલી સાચા મોતીની માણેક અને પન્ના સાથેની માળા કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/-, સોનાના એક ગ્રામના સિક્કા નંગ-૫ કિમત રૂપિયા ૧૫,૦૦૦/-, ચાંદીના ૧૦ સિક્કા નંગ-૫ અને ચાંદીનો ગ્લાસ કિમત રૂપિયા ૩,૦૦૦/-, ફોસીલ કંપનીની ઘડીયાળ કિમત રૂપિયા ૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/-મળી કુલ રૂપિયા ૮,૭૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોઇ.શ્રી ડી.બી.રાણા ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૧૮/૧૭</u>**

**સરદારનગરઃ** પ્રકાશભાઇ કનૈયાલાલ ગેહિજા (રહે.કર્ણાવતી સુંદરવન સોસાયટી આઇ.ટી.આઇ. ગેલેક્ષી અંડરબ્રીજ પાસે કુબેરનગર સરદારનગર) એ તા.૧/૧૧/૧૭ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૧૦/૧૭ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે સરદારનગર કુબેરનગર જુના "જી" વોર્ડ શિવમંદીર રાજાવેર નજીક પાર્ક કરેલ પોતાના એક્ટીવાની ડેકીનુ લોક તોડી અજાણી વ્યક્તિ ડેકીમાંથી સોનાની બંગડી નંગ૬ કિમત રૂપિયા ૩,૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી ડી.કે.મોરી ચલાવે છે.

**<u>સોનાનો દોરો ખેચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૧૯/૧૭</u>**

**નરોડાઃ** જશોદાબહેન વા/ઓફ ઇશ્વરભાઇ શર્મા (ઉ.વ.૬૨) (રહે. કામેશ્વર પાસે સોસાયટી સુમતીનાથ ફ્લેટ) તા.૧/૧૧/૧૭ કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે નરોડા પંચતિર્થ સોસાયટી નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ જશોદાબહેનના ગલામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ ગયા હતા. આ અંગેની ફરીયાદ જશોદાબહેન શર્માએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે.આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી કે.બી.રાઠોડ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.